# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) મુજબ મેજર માઇનોર રિલેશનના નીતિ નિયમો ઘડવા વર્કીંગ ગ્રુપ કમિટીની એક બેઠક તારીખઃ ૨૨/૦૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ બપોરેઃ ૪-૦૦ કલાકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં.૧૫, પાટણ ખાતે માટે મળી હતી. સભાની હાજરી નીચે મુજબ છે.

**:હાજરી:**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | સ્થળ | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડૉ.સંગીતા શર્મા | પાટણ | હાજર |
| ૨ | ડૉ.એ.એલ.સુતરીયા | મહેસાણા | હાજર |
| ૩ | પ્રિ.ડૉ.જગદીશકુમાર હીરાલાલ પ્રજાપતિ | થરાદ | હાજર |
| ૪ | પ્રિ.ડૉ.હિતેશ વિરમગામી | પાટણ | હાજર |

તારીખઃ ૧૭/૦૨/૨૦૨૪,નં.એકે./અ×સ/૭૨૮૩/૨૦૨૪ના પત્રના એજન્ડા મુજબ નીચે મુજબ સર્વાનુમતે ઠરાવ કરવામાં આવેલ છે.

૧. સેમેસ્ટર-2 માં મેજર માઇનોર પરસ્પર બદલી શકાય નહીં પરંતુ સેમેસ્ટર બે બાદ એટલે કે પ્રથમ વર્ષના અંતે જ આ ફેર બદલી કરી શકાય

૨. સરકારશ્રીના શિક્ષણ વિભાગની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.)ના ૩.૩.૧ મુજબ . જો કોઈ વિદ્યાર્થી એ મેજર વિષય બદલવો હોય તો તે પ્રથમ વર્ષના અંતે સેમેસ્ટર બે બાદ બદલી શકશે જેમાં માઈનર વિષયમાંથી મેજર અને મેજરમાંથી માઇનોર થઈ શકશે.

દા.ત.- કોઈ વિદ્યાર્થી શરૂઆતમાં સેમેસ્ટર-૦૧માં મેજર વિષય તરીકે કેમેસ્ટ્રી રાખે છે અને માઇનર તરીકે ફિઝિક્સ રાખીએ છીએ તો માત્ર પ્રથમ બે સેમેસ્ટર બાદ એટલે કે પ્રથમ વર્ષના અંતે જ મેજરમાંથી માઇનોર અને માઇનરમાંથી મેજર ફેર બદલી કરી શકશે. એટલે કે એક વર્ષના અંતે ફિઝિક્સને મેજર તરીકે અને કેમેસ્ટ્રીને માઈનોર તરીકે ફેરબદલી કરી શકશે.

આ સંજોગોમાં પ્રથમ બે સેમેસ્ટરની મેજર વિષય અને માઈનોર વિષયની અરસપરસ બાકી રહેલી ક્રેડિટ પ્રાપ્ત કરવી પડશે જે માટે તે વિદ્યાર્થીએ પ્રથમ બે સેમેસ્ટર ના છૂટી ગયા હોય તેવી તેવા થિયરી અને પ્રાયોગિકના વર્ગો કે વધારાના

વર્ગોમાં હાજરી આપીને બાકી રહેલી ક્રેડિટ મેળવવી પડશે. આ માટે યુનિવર્સિટીએ આવા વિદ્યાર્થીઓ માટે અલગ પરીક્ષા વ્યવસ્થાનું આયોજન કરવું પડશે.

- મેજર વિષય તથા માઇનર વિષયની અરસપરસ ફેર બદલી થાય તો તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા રેગ્યુલર તરીકે લેવી તે માટે વધારાની જરૂરી પરીક્ષા ફી યુનિવર્સિટીએ લેવી.
- વિદ્યાશાખા બદલીને પણ મેઝર વિષયની ફેરબદલી કરી શકશે એટલે કે શરૂઆતમાં બીએસસી ફિઝિક્સ મેજર રાખનાર વિદ્યાર્થી પોતાના પસંદ કરેલા વિષયને બી.એ. હિન્દી વિષય તરીકે બદલવા ઇચ્છે તો પ્રવેશ યોગ્યતાના માપદંડ ઉપલબ્ધ બેઠકો વિદ્યાર્થીની ક્ષમતાનું મૂલ્યાંકન અથવા જરૂરી વધારાના વિષયો અભ્યાસક્રમો બ્રિજ કોર્સની સગવડતા આપીને આ મંજૂરી આપી શકશે.

ઉપરોક્ત તમામ કિસ્સાઓમાં આ ફેર બદલી વખતે મેજરની ખૂટતી ક્રેડિટ પૂર્ણ કરવાની રહેશે એટલે કે ત્રણ વર્ષ કે ચાર વર્ષની સ્નાતકની ડિગ્રી માટેના મેજર મુખ્ય વિષયની ડીગ્રી પ્રાપ્ત કરવા માટે કુલ ક્રેડિટની ઓછામાં ઓછી 50% (68-ક્રેડિટ અથવા ૭૨-ક્રેડિટ) ઇન્ટરશીપ ૦૪-ક્રેડિટ

- ઉપરાંત આ ફેર બદલી માટે જે તે કોલેજ પાસે મેજર વિષય અથવા માઈનોર વિષયનું જોડાણ હોય તે જરૂરી છે અથવા આવા વિદ્યાર્થીઓને પ્રથમ બે વર્ષ (ચાર સેમેસ્ટર) સુધી મેજર વિષય ઓફર કરી શકશે અને ત્રીજા વર્ષથી જે કોલેજમાં મેજરનો જોડાણ હોય તે કોલેજમાં N.O.C. લઈ જઈ શકશે
- ડબલ મેજર વિશે સંદર્ભે નક્કી કરવામાં આવ્યું કે આપણી યુનિવર્સિટીમાં ડબલ મેજર વિષય આપવાની જોગવાઇ કરેલ નથી તેથી આ બાબતે કોઈ ચર્ચા કરવાની રહેતી નથી

કા. કુલસચિવ

નં.-એકે/અખસ/૭૯૦૨/૨૦૨૪

તારીખ :૧૯/03/૨૦૨૪

પ્રતિ,

- મેજર માઇનોર રિલેશનના નીતિ નિયમો ઘડવા વર્કીંગ ગ્રુપ કમિટીની રચના અંગેની સમિતિઓ તરફ.